## આંક–૦૧ હેઠળ હુકમ

૧. ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળ કરવામાં આવેલ છે. હાલનો કેસ **સને–૨૦૧૪** ના વર્ષનો જુનો કેસ છે. હાલના કેસમાં રેકર્ડ વંચાણે લેતાં,આ કામના ફરીયાદીના વિ.વકીલશ્રી હાજર રહે છે પરંતુ ફરીયાદી ગેરહાજર રહે છે. હાલનો કેસ આરોપીને બજવા ઉપર હોવા છતાં બજવણી માટે કોઇ જ કાર્યવાહી કરેલ નથી કે આરોપીના નવા સરનામા રજુ કરેલ નથી. ફરીયાદપક્ષ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં સતત નિષ્ક્રિયતા દાખવેલ છે.જેથી, ફરીયાદપક્ષને કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં રસ ન હોવાનું ફલિત થાય છે તેમજ ફરીયાદીની બેદરકારી જણાઇ આવે છે. હાલનો કેસ ઘણા લાંબા સમયથી બિન અસરકારક રીતે પડી રહેલ છે. તેમછતાં ફરીયાદી ધ્વારા કેસની કાર્યવાહી આગળ વધારવા કોઇ જ સક્રિયતા દાખવેલ નથી. આમ,બજવણી માટે કોઇ જ પ્રયત્નો જણાઇ આવતા નથી. આમ,ફરીયાદી હાલના કેસની કાર્યવાહી આગળ ધપાવવા સંદર્ભે સતત ઉપેક્ષા સેવેલ છે અને બેદરકાર રહેલાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે.

૨. વધુમાં, **નામ.સુપ્રિમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ.રામીરિટ્ટી, (૨૦૦૮) (૦)એ.આઇ.આર.(એસ.સી.)૨૦૬૬**ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ ફરીયાદીને અચોકકસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે સાથોસાથ **નામ.ગુજરાત હાઇકોર્ટના ભવાની ટેક્ષટાઇલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમિનલ અપીલ નં.૨૪૦૫/૦૯, તા.૧૮/૦૧/૨૦૧૦** ના ચૂકાદાને ધ્યાને લેતાં, તેમાં નામ.ગુજરાત હાઇકોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદી કે તેમના વિ.વકીલશ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય તો, તેને ફરીયાદપક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરીયાદ રદ થવાને પાત્ર છે. હાલના કેસની રેકર્ડ ઉપરની

સમગ્ર હકીકતો તથા ઉપરોકત કરેલ ચર્ચા મુજબ હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ કરવાને પાત્ર હોઇ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

૧. હાલની ફરીયાદ ફરીયાદીની બેદરકારી અને કસુરના કારણે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૬ અન્વયે રદ કરવામાં આવે છે.

૨. આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૩/૨૬
સ્થળ.અમદાવાદ

(કિરીટકુમાર બી.વાઘેલા)
૨૦માં એડિ.ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ને.ઇ.એકટની કોર્ટ નં.૩૦,અમદાવાદ શહેર
**( GJ01142 )**

–હિતકિરણકુમાર(પીએ)